ABH-2089-90-91 Seat No.________

# M. A. (Sem. III) Examination

## November / December - 2016

## 1. Gujarati : CC - 304 (Optional - I)

(સાહિત્યિક પત્રકારત્વ)

## 2. Gujarati : CC - 304 (Optional - II)

(સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ - ગદ્ય) (નવલકથા : જીવતર)

## 3. Gujarati : EC - 304 (Optional - III)

(સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ - પદ્ય (સૉનેટ))

(આપણાં સૉનેટ : સં. ચંદ્રશંકર ભટ્ટ)

Time : **3** Hours] [Total Marks : **70**

## 1. Gujarati : CC - 304 (Optional - I)

(સાહિત્યિક પત્રકારત્વ)

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ સાહિત્યિક પત્રકારત્વની વિભાવના સ્પષ્ટ કરી તેનું પ્રયોજન શું ? તે વિગતે જણાવો.

અથવા

૧ ટૂંકનોંધ લખો :

(૧) સાહિત્ય અને પત્રકારત્વ

(૨) સાહિત્યિક પત્રકારત્વનું કાર્યક્ષેત્ર.

૨ સુધારક યુગનાં કોઈ પણ બે સામયિકનો સવિસ્તર પરિચય કરાવો.

અથવા

૨ ટૂંકનોંધ લખો :

(૧) 'વસંત' સામયિક

(૨) 'જ્ઞાનસુધા'.

૩ ગાંધીયુગમાં સાહિત્યિક પત્રકારત્વનું રાજકીય ક્ષેત્રે શું પ્રદાન છે ? તેની સોદાહરણ ચર્ચા કરો.

અથવા

૩ આધુનિક યુગનાં કોઈ પણ બે સામયિકો વિશે વિગતે લખો.

૪ નીચેનામાંથી કોઈ પણ બે સર્જકોનું પત્રકારત્વ ક્ષેત્રે પ્રદાન મૂલવો :

(૧) નર્મદ

(૨) સુરેશ જોશી

(૩) ઝવેરચંદ મેઘાણી

(૪) ઉમાશંકર જોશી.

૫ મુદ્દાસર જવાબ આપો : (કોઈ પણ સાત)

(૧) સાહિત્યિક પત્રકારત્વ એટલે શું ?

(૨) દૈનિકોનું મહત્ત્વ શું છે ?

(૩) 'સત્ય પ્રકાશ' કયા યુગમાં શરૂ થયું ? તેના સ્થાપક કોણ હતા ?

(૪) 'પ્રિયંવદા-સુદર્શન' કયા યુગમાં શરૂ કરાયું ? તેની સાથે કોણ જોડાયેલા છે ?

(૫) 'વીસમી સદી' કયા યુગમાં કોણે શરૂ કર્યું ?

(૬) 'પરબ' કઈ સંસ્થાનું મુખપત્ર છે ? તેનો પ્રારંભ ક્યારે થયો ?

(૭) 'શબ્દ સૃષ્ટિ'નો પ્રારંભ ક્યારથી થયો ? તે કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત થાય છે ?

(૮) 'ફાબર્સ ત્રૈમાસિક' કયા વરસથી પ્રગટ થવા લાગ્યું ? તેના પ્રારંભક કોણ હતા ?

(૯) ગાંધીજી કયાં પત્રો (સામયિકો) ચલાવતા હતા ?

(૧૦) કનૈયાલાલ મુનશીએ કઈ સંસ્થા સ્થાપી ? તેના મુખપત્રનું નામ જણાવો.

(૧૧) નર્મદે શરૂ કરેલ સામયિકનું નામ લખો. તેની પાછળ તેમનું શું પ્રયોજન હતું ?

(૧૨) 'કુમાર'ના આદ્ય સ્થાપક કોણ હતું ? તેના વર્તમાન સંપાદકનું નામ લખો.

## 2. Gujarati : CC - 304 (Optional - II)
## (સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ - ગદ્ય) (નવલકથા : જીવતર)

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ **સરખા** છે.

૧ ગુજરાતીનાં મુખ્ય ગદ્ય સ્વરૂપો જણાવી, તેમાંથી કોઈ બેની સ્વરૂપગત વિશેષતાઓ જણાવો. ૧૪

**અથવા**

૧ ગદ્યની વિભાવના સ્પષ્ટ કરી તેની સ્વરૂપગત લાક્ષણિકતાઓ વિગતે લખો. ૧૪

૨ નવલકથા સ્વરૂપની સ્વરૂપગત વિશેષતાઓ ઉદાહરણસહ આલેખો. ૧૪

**અથવા**

૨ ટૂંકનોંધ લખો : ૧૪
(૧) નવલકથા અને એકાંકી
(૨) નવલકથા અને ટૂંકીવાર્તા.

૩ ગુજરાતી નવલકથાનો ઉદ્‌ભવ જણાવી સુધારક યુગ અને પંડિતયુગમાં તેનો વિકાસક્રમ સ્પષ્ટ કરો. ૧૪

**અથવા**

૩ ગુજરાતી આધુનિક યુગની નવલકથાઓનો ક્રમશઃ પરિચય આપો. ૧૪

૪ " 'જીવતર' નવલકથા બે પાત્રોના સૂક્ષ્મ સ્નેહના તંતુને ગુંથતી કૃતિ છે." - આ વિધાનને કૃતિ સંદર્ભે સોદાહરણ ચર્ચો. ૧૪

**અથવા**

૪ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) 'જીવતર'ની ભાષા-સમૃદ્ધિ

(૨) 'જીવતર'નું શીર્ષક.

૫ મુદ્દાસર જવાબ આપો : (કોઈ પણ **સાત**) ૧૪

(૧) 'જીવતર' કૃતિમાં આવતાં સ્ત્રી પાત્રોનાં નામ લખો.

(૨) 'જીવતર'માં કુલ કેટલાં પાત્રોનાં મરણ થાય છે ? કયાં કયાં ?

(૩) યોગેશ જોશીની 'જીવતર' સિવાયની નવલકથાઓનાં નામ લખો.

(૪) સાતમૂના મેળામાં કોણ કોણ ગયું ? તે ક્યાં ભરાયો હતો ?

(૫) નવલકથા સ્વરૂપ પરના બે વિવેચન ગ્રંથોનાં નામ લખી તેના લેખકોનાં નામ આપો.

(૬) ગુજરાતી ભાષાના બે ઐતિહાસિક નવલકથાકારોનાં નામ લખી તેમની એક એક કૃતિ જણાવો.

(૭) ગુજરાતીમાં કઈ કઈ નવલકથાઓને જ્ઞાનપીઠ એવોર્ડ આપવામાં આવ્યો છે ? તેના સર્જકોનાં નામ જણાવો.

(૮) 'જીવતર' નવલકથા કયા સામયિકમાં હપતે હપતે પ્રગટ થઈ હતી ?

(૯) ગુજરાતી ભાષાની બે જાનપદી નવલકથાઓનાં નામ લખી તેના સર્જકોનાં નામ લખો.

(૧૦) ગુજરાતીમાં લખાયેલી પૌરાણિક નવલકથાઓનાં બે નામ આપો - તેના સર્જકનાં નામ જણાવો.

(૧૧) અનુઆધુનિક બે નવલકથાકારોનાં નામ જણાવી તેમની એક એક કૃતિનાં નામ આપો.

(૧૨) ગુજરાતી ભાષાની પ્રથમ અનુવાદિત નવલકથા કઈ ? તેનો અનુવાદ કોણે કર્યો હતો ?

## 3. Gujarati : EC - 304 (Optional - III)
## (સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ - પદ્ય (સૉનેટ))
## (આપણાં સૉનેટ : સં. ચંદ્રશંકર ભટ્ટ)

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ **સરખા** છે.

૧ કવિતાની વિભાવના સમજાવો. **૧૪**

**અથવા**

૧ પદ્યનાં ઘટકતત્ત્વોની ચર્ચા કરી, કોઈ પણ એક પ્રમુખ પદ્ય સ્વરૂપનો પરિચય આપો. **૧૪**

૨ અંતરંગ અને બહિરંગ લક્ષણો જણાવી સૉનેટનું કાવ્ય સ્વરૂપ સ્પષ્ટ કરો. **૧૪**

**અથવા**

૨ ગુજરાતીમાં સૉનેટનાં વિકાસનાં મહત્ત્વનાં સ્થિત્યંતરોની ચર્ચા કરો. **૧૪**

૩ નીચેનામાંથી કોઈ પણ **એક** સૉનેટની સમીક્ષા કરો : **૧૪**
(૧) રહ્યાં વર્ષો તેમાં
(૨) જાવા પૂર્વે
(૩) વળાવી બા આવી.

૪ નીચેનામાંથી કોઈ પણ **બે** ટૂંકનોંધ લખો : **૧૪**
(૧) બ. ક. ઠાકોરનું સૉનેટ ક્ષેત્રે પ્રદાન
(૨) 'જૂનું ઘર ખાલી કરતાં' કાવ્યનો ધ્વનિ
(૩) 'આયુષ્યના અવશેષે' સૉનેટમાળા
(૪) ગુજરાતી સૉનેટમાં પ્રગટતાં આધુનિક વલણો.

૫ ટૂંકમાં જવાબ લખો : (ગમે તે સાત) ૧૪

(૧) કવિતાનું સૂક્ષ્મ ઉપાદાન જણાવી, એના દ્વારા કવિ શું અભિવ્યક્ત કરે છે ?

(૨) પદ્ય એટલે શું ? પદ્યનાં ઘટકતત્ત્વો જણાવો.

(૩) સૉનેટના કેટલા પ્રકાર છે ? કયાં કયાં ?

(૪) ગુજરાતીમાં સૉનેટને કયા કયા પર્યાયથી ઓળખવાના પ્રયત્ન થયા છે ? સૉનેટ એ શબ્દ કોણે સ્થાપિત કર્યો ?

(૫) 'ઉપહાર' સૉનેટના કવિ કોણ છે ? કયા નિમિત્તે એ સૉનેટ રચાયું છે ?

(૬) પ્રહલાદ પારેખ પાસેથી કેટલાં સૉનેટ કાવ્ય મળે છે ? તેમનાં ત્રણ સૉનેટનાં નામ આપો.

(૭) આધુનિક ગુજરાતી સૉનેટ કવિતામાં કયા કયા નૂતન લક્ષણો પ્રગટે છે ? એના પુરસ્કર્તા કવિ કોણ છે ?

(૮) 'છેલ્લું દર્શન' સૉનેટનું શીર્ષક સમજાવો.

(૯) 'પ્રસુતિગૃહ - જતાં, આવતાં'નો અંત સ્પષ્ટ કરો.

(૧૦) 'મેઘલી રાતે' - સૉનેટમાં શેનું વર્ણન છે ? એમાં કયાં બે પાત્રોનું નિરૂપણ છે ?

(૧૧) સૉનેટમાળા એટલે શું ? ગુજરાતીમાં રચાયેલી ત્રણ સૉનેટમાળા અને એના કવિનાં નામ આપો.

(૧૨) સાંપ્રત સમયમાં સૉનેટની રચના કરનાર ચાર સૉનેટ કવિઓનાં નામ લખો.